"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004, Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Toll Free No. : 1800 233 1944
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

રેફનં.

તા: ૨૮/૦૪/૨૦૧૮
સુરત

તંત્રીશ્રી, ____________________

જત નીચેની પ્રેસનોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ

નીલેશવિ. માંડલેવાળા, પ્રમુખ

**લેઉવા પટેલ સમાજના બ્રેનડેડ કેશુભાઈ મેઘજીભાઈ માંગુકિયાના પરિવારે કિડની, લિવર અને ચક્ષુઓનું દાન કરી પાંચ વ્યક્તિઓને નવજીવન આપી માનવતાની મહેક પ્રસારી સમાજને નવી દિશા બતાવી.**

નામ: કેશુભાઈ મેઘજીભાઈ માંગુકિયા ઉ. વ. ૬૩ બ્લડગ્રુપ: B+ve

વ્યવસાય: ડાયમંડના વ્યવસાય સાથે સંકળાયેલા હતા.

રહેવાસી: B/૭, પંચદેવ સોસાયટી, શીરડીધામ સોસાયટી પાસે, લક્ષ્મી હોટલની પાછળ, વરાછા, સુરત.

કૌટુંબિક વિગત: પત્ની: શારદાબેન કેશુભાઈ માંગુકિયા ઉ.વ. ૬૦

પુત્ર: વિજય કેશુભાઈ માંગુકિયા ઉ.વ. ૪૨

ડાયમંડના વ્યવસાય સાથે સંકળાયેલા છે.

પુત્રી: વર્ષાબેન જગદીશભાઈ સભાડીયા ઉ.વ. ૩૮

બનાવની વિગત:

કેશુભાઈને છેલ્લા દસ બાર દિવસથી છાતીમાં દુઃખાવાની ફરિયાદ હતી. આથી તેમને બુધવાર તા:૨૫ એપ્રિલના રોજ મહાવીર કાર્ડિયાક હોસ્પીટલમાં દાખલ કરી કાર્ડિયોલોજીસ્ટ ડૉ. ધવલ શાહ દ્વારા એન્જયોપ્લાસ્ટી કરવામાં આવી હતી. તે દિવસે રાત્રે કેશુભાઈને શરીરના જમણા ભાગમાં લકવાની અસર લાગતાં મગજનું CT સ્કેન કરાવતા મગજમાં સોજો અને લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું. ત્યાર બાદ તબિયત બગડતાં કેશુભાઈને વેન્ટીલેટર ઉપર મુકવામાં આવ્યા. વધુ સારવાર માટે પરિવારજનોએ તેમને તા: ૨૬ એપ્રિલના રોજ સવારે મુંબઈમાં આવેલ કોકીલાબેન ધીરૂભાઈ અંબાણી હોસ્પીટલમાં શીફ્ટ કરવાનો નિર્ણય કરી ત્યાં દાખલ કર્યા.

Nilesh Mandlewala
President
+91 98256 09922

Sandeep Kumar, IRS
Vice President
+91 81307 81031

Rakesh Jain
Hon. Secretary
+91 98241 10349

Ramesh Malpani
Hon. Treasurer
+91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



ડોક્ટરોએ એન્જીયોગ્રાફી સાથે CT બ્રેન કરાવતાં બ્રેન હેમરેજ હોવાનું નિદાન થયું હતું. આથી પરિવારજનોએ ફરી પાછા તેમને મુંબઈથી સુરત શીફ્ટ કરવાનો નિર્ણય કરી ૨૭ એપ્રિલના રોજ મળસ્કે ૪:૦૦ કલાકે મહાવીર કાર્ડિયાક હોસ્પીટલમાં દાખલ કર્યા.

શુક્રવાર તા: ૨૭ એપ્રિલના રોજ ન્યુરોફીજીશયન ડૉ. પરેશ ઝાંઝમેરા અને ડૉ. હરેશ પારેખે કેશુભાઈને બ્રેનડેડ જાહેર કર્યા.

યુરો ફૂડસના ચેરમેન અને મેનેજીંગ ડીરેક્ટર મનહરભાઈ સાસપરાએ ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી કેશુભાઈના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી મનહરભાઈ સાસપરાની સાથે રહી કેશુભાઈના પત્ની શારદાબેન, પુત્ર વિજય, પુત્રી વર્ષા, ભાઈઓ છગનભાઈ અને ધનજીભાઈ, ભત્રીજા અશોકભાઈ તથા પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

પરિવારના સૌ સભ્યોએ જણાવ્યું કે કેશુભાઈ પોતાના વતન ભાવનગર જીલ્લાના ગારીયાધારમાં જળ અભિયાનની પ્રવૃત્તિ સાથે ખુબ જ નિકટથી સંકળાયેલા હતા. તેઓ હંમેશા બીજાના દુઃખને પોતાનું દુઃખ સમજતા હતા. આવા સેવાભાવી કેશુભાઈ જયારે બ્રેનડેડ થયા છે અને તેમનું મૃત્યુ નિશ્ચિત જ છે ત્યારે તેઓના અંગોનું દાન કરીને ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. જમાલ રીઝવીનો સંપર્ક કરી કિડની તથા લિવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. સુરેશ કુમાર અને તેમની ટીમે આવી કિડની અને લિવરનું દાન સ્વીકાર્યું. જયારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલી કિડની પૈકી એક કિડની અમદાવાદના રહેવાસી કેશવકુમાર હરેશકુમાર ચંદનાની ઉ.વ. ૪૩ અને બીજી કિડની બરોડાના રહેવાસી જયંતીલાલ કાબાભાઇ રાણા ઉ. વ. ૬૪માં, જયારે લિવરનું ટ્રાન્સપ્લાન્ટ બરોડાના રહેવાસી પરેશ હસમુખભાઈ ત્રિવેદી ઉ.વ. ૪૫ માં અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)માં ડૉ. વૈભવ સુતરીયા, ડૉ. જમાલ રીઝવી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

**Nilesh Mandlewala** President +91 98256 09922 | **Sandeep Kumar, IRS** Vice President +91 81307 81031 | **Rakesh Jain** Hon. Secretary +91 98241 10349 | **Ramesh Malpani** Hon. Treasurer +91 98253 21626

**"Donate Life"**
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-2652 Dt. 04-12-2014

**DONATE LIFE™**
an initiative for organ donation



અંગદાન મેળવવાની સમગ્ર પ્રક્રિયામાં કેશુભાઈના પત્ની શારદાબેન, પુત્ર વિજય, પુત્રી વર્ષા, ભાઈઓ છગનભાઈ અને ધનજીભાઈ, ભત્રીજા અશોકભાઈ, માંગુકિયા પરિવારના અન્ય સભ્યો, યુરો ફૂડસના મનહરભાઈ સાસપરા, ન્યુરોફીજીશ્યન ડૉ. પરેશ ઝાંઝમેરા અને ડૉ. હરેશ પારેખ, મહાવીર કાર્ડિયાક હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખશ્રી નીલેશ માંડલેવાલા, મંત્રીશ્રી રાકેશ જૈન, ટ્રસ્ટી હેમંત દેસાઈ અને સુભાષ જોધાણીનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા <u>૨૪૬ કિડની, ૧૦૧ લીવર, ૬ પેન્ક્રીઆસ, ૧૭ હૃદય અને ૨૧૨ ચક્ષુઓના દાન મેળવીને ૫૮૨ વ્યક્તિઓને</u> નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

**Nilesh Mandlewala**
President
+91 98256 09922

**Sandeep Kumar, IRS**
Vice President
+91 81307 81031

**Rakesh Jain**
Hon. Secretary
+91 98741 10349

**Ramesh Malpani**
Hon. Treasurer
+91 98253 21626

**Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961**